

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ભૂખ્યા ડાંસ નેતા ગાયનું ઘાસ પણ ખાઈ ગયા!*
*કસાઈવાડે મોકલવા કમીશન ખાઈ ગયા!*
*ખાઈ ગયા ઘાકમાં, કરે જુલમ, ગાયના નામે -*
*અગોચર ભૂખે, ગોચરની જમીન ખાઈ ગયા !*

### હાઈકુ

*સાહેબો - સત્તા, -*
*કાયદો અને ન્યાય,*
*દોરે ત્યાં જાય!!*

*વેંચે જમીન -*
*વરસાવી દે સોનું -*
*પાણી ના ભાવે!!*

### ચિંતન

**એતસ્ય વા અક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ સૂર્યાચંદ્રમસૌ વિધૃતે ।**
**તિષ્ઠત એતસ્ય વા અક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ ધાવાપૃથિવ્યા ॥**

ઉપરોક્ત શ્લોક બૃહદારણ્યક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

હે ગાર્ગી, પરમાત્માના આ શાસનમાં સૂર્ય ચંદ્ર સ્વર્ગ અને પૃથ્વી સહ નિયમ થયેલાં કર્મો અનુસાર વર્તે છે, અને પોતાપોતાના સ્થાને રહે છે.

યાજ્ઞાવલ્ક અહીં ગાર્ગીને કહે છે કે અહીં જે કોઈ સ્થિર અને શક્તિશાળી દેખાય છે એ બધું પરમાત્માના શાસન ને કારણે છે. પરમાત્માએ એટલે કે એક સર્વોપરી શક્તિએ જે કંઈ સમર્થ દેખાય છે. એને ચોક્કસ સ્થાને મૂક્યો છે અને ચોક્કસ કર્મનો આદેશ આપ્યો છે. આ બધું નિયમબદ્ધ હોવાને કારણે જ સમયચક્ર ચાલતું રહે છે. રાત અને દિવસ થાય છે. શિયાળો ઉનાળો થઆય છે. સમુદ્રમાં ભરતી અને ઓટ આવે છે અને માણસના જીવનમાં જન્મ અને મૃત્યુ વારાફરી આવ્યા જ કરે છે. આ બધું પેલા ચોક્કસ નિયમને આભારી છે.

વિજ્ઞાન અને આધ્યાત્મ બેય પરસ્પર વિરોધી નથી. આધ્યાત્મમાં ઊંડા ઊતરીએ તો વિજ્ઞાનનાં દર્શન થાય છે અને વિજ્ઞાનની ટોચ ઉપર પહોંચીએ ત્યારે અધ્યાત્મનાં દર્શન થાય છે.

### સુવિચાર

- હું બુદ્ધિને દોડાવીશ, પણ કઈ દિશામાં દોડવું એ હૃદયને જ પૂછીશ - **ઓશો**
- ફરજ અને અધિકાર વગરનો માણસ માત્ર હાડપિંજર છે - **અથર્વવેદ**
- જીવનની સફળતાનું કોઈ રહસ્ય નથી, તે કેવળ કાર્ય અને નિષ્ઠાનું પરિણામ છે - **હેન્રી ફોર્ડ**
- નબળાઈથી કાય બીતા રહ્યે ચાલવાનું નથી, કોક વાર તો તમારે એની સાથે યુદ્ધ કરી એને હરાવવી જ પડશે, તો પછી આજે જ, અત્યારે જ એવું શું કામ નથી કરતાં? - **સ્ટીવન્સ**
- માણસ પોતાનામાં પરબ્રહ્મનો વાસ છે એમ સ્વીકારે છે એટલે આખરી મુકામે પહોંચે છે - **રામાનુજાચાર્ય**
- સ્નેહ ઉપયોગિતાની ગણતરી કરતો નથી - **બાણભટ્ટ**
- આજનું ઔષધ : દાઝવા ઉપર ફટકડીના પાણીની બટ્ટી બાંધવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આલ્બર્ટ આઈન્સ્ટાઈન માનતા કે કોઈ પણ પદાર્થ કે ચીજનો વધારે પડતો વ્યય કરવો એ પણ કુદરત સાથે અન્યાય કરવા બરાબર છે. પાણીનો પણ વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઈએ એમ સ્પષ્ટ પણે માનતા. આઈન્સ્ટાઈન જે મકાનમાં રહેતા હતા એની બાજુના મકાનમાં જે સજ્જન રહેતા હતા તેઓ ફુલછોડ અને બગીચાના શોખીન હતા. બગીચામાં કામ કરવા તેઓ એક માળીને રોજ બોલાવતા. એક વખત માળી બગીચામાં પાઈપથી પાણી પાઈ રહ્યો હતો. તેવામાં માળીને મળવા એનો એક મિત્ર આવ્યો. પાણીનો નળ ચાલુ રાખીને માળી પેલા મળવા આવનાર સાથે વાતોએ વળગ્યો. આમ આખો કયારો પાણીથી છલોછળ ભરાઈ ગયો અને પાણી બહાર વહેવા લાગ્યું. પાણીનો આવો બગાડ જોઈને આઈન્સ્ટાઈને પડોશીને કહ્યું, 'આપના માળીએ આજે પાણીનો ખૂબ બગાડ કર્યો છે.' પેલા પડોશીએ કહ્યું, 'સાહેબ હવે થોડું વધુ પાણી વપરાયું એમાં શું થઈ ગયું ?' આઈન્સ્ટાઈને કહ્યું, 'પાણીને કોઈ હલકી ચીજ ન ગણો. તમને કદાચ ખબર નહીં હોય કે આવનારા દિવસોમાં દુનિયામાં પાણીનું ભયંકર સંકટ સર્જાવાનું છે. અત્યારે પાણી મફત મળે છે અને માટે આપણે એની કિંમત સમજી શકતા નથી. આથી આપણે પાણીનો વેડફાટ કરીએ છીએ. જો આ પાણીના પૈસા આપવા પડતા હોય તો લોકો આવો બગાડ કરતા જરૂર વિચારત. મારા હાથમાં જો શાસન હોય તો હું પાણીનો બગાડ કરનાર પર જરૂર દંડ ફટકારું. આમ જ જો આપણે પાણીનો વેડફીશું તો આપણા વારસદારોને દુકાળ અને જળશંકટ વારસામાં આપતાં જઈશું.' પડોશી સજ્જને પાણી બગાડ કરવા માટે દિલગીરી વ્યક્ત કરી.

# આયારામ - ગયારામ : અત્ર તત્ર સર્વત્ર

**તંત્રીસ્થાનેથી...**

અગાઉ કોંગ્રેસ શાસનકાળમાં જયારે જયારે કેન્દ્રમાં ભારે જનસમર્થન સાથે સરકાર શાસનસૂત્રો હસ્તગત કરતી ત્યારે પહેલું કામ રાજયોમાં અગાઉથી ચાલી રહેલી વિપક્ષી સરકારોને એક યા બીજા બહાના હેઠળ ગબડાવી દઈ વખત પૂરતું રાષ્ટ્રપતિ શાસન નાખી દઈ થોડાક મહિનાઓ પછી નવી 'ફ્રેશ' ચૂંટણીઓ આપી દેતી. ૩૫૬મી કલમનો ભયંકર દુરુપયોગ માત્ર કોંગ્રેસે જ નહીં, જનતા પાર્ટીના કહેવાતા સિદ્ધાંતવાદી શાસને પણ કર્યો છે. ઈતિહાસ જરા જુદી રીતે રિપીટ થઈ રહ્યો છે. ૩૫૬મી કલમનો રાજયપાલ મારફત દુરુપયોગ કરાવવા કરતાં સીધે સીધા પક્ષપલટા અથવા ધારાસભ્યોનાં રાજીનામાંનો વિકલ્પ મોટી સરકારને વધુ અનુકૂળ આવી ગયો છે. કેન્દ્રમાં આપણું શાસન હોય ત્યારે કોઈ પણ રાજયમાં વિપક્ષનું શાસન હોવું જ ન જોઈએ એવી સ્પષ્ટ સમજણ સાથે વર્તમાન કેન્દ્ર સરકારે કર્ણાટકથી પશ્ચિમ બંગાળ સુધી ધારાસભ્યો ખેરવાની કવાયત શરૂ કરાવી છે. ગોવામાં કોંગ્રેસી ધારાસભ્યોનાં રાજીનામાં અને પક્ષપલટા પછી એમણે મંત્રીમંડળમાં મોભાદાર સ્થાન આપવાનાં વચન નિભાવાઈ રહ્યાં છે. કર્ણાટકમાં કુમાર સ્વામીનું ઉઠમણું કરવા માટેની ચોપાટ કયારનીય બિછાવાઈ ગઈ છે. વિધાનસભાના સ્પીકર જેડીએસના હોવાથી તેઓ વિધાનસભામાં બહુમતીનાં લેખાજોખાં વખતે કુમારસ્વામીને વધુમાં વધુ મદદરુપ કઈ રીતે થઈ શકાય એની વ્યૂહરચના વિચારતા રહ્યા છે. કોઈ તટસ્થ નથી, કોઈને જનાદેશનું સન્માન કરવાની ચિંતા નથી. કુમારસ્વામીને ગબડાવીને યેદુરપ્પાને વહેલી તકે મુખ્યમંત્રીની ગાદી સંભાળી લેવી છે. એ માટે એમને ભાજપી રાજયપાલ વજુભાઈ વાળા અને કેન્દ્રીય નેતૃત્વ દ્વારા કયારનીય લીલી બલકે 'કેસરી' ઝંડી મળી ચૂકી છે. મોદીની સામે કડક ભાષામાં પ્રતિવાદ કરવાની હિંમત દાખવનારાં પશ્ચિમ બંગાળનાં 'દીદી' પાસે પ્રચંડ બહુમતી છે. પરંતુ એક સમયના એમના જમણા હાથ જેવા નેતા મુકુલ રોયને અને અન્ય વગદાર નેતાઓને ખેરવી લઈ કેસરિયો ખેસ પહેરાવી દીધા પછી મમતા બેનરજીની ગાદી સામે ભયજનક સિગ્નલ પડી ગયો છે. મુકુલ રોયને પશ્ચિમ બંગાળની પ્રગતિની એટલી બધી ચિંતા છે કે તેઓ રાતદિવસ કોંગ્રેસીઓ, તૃણમૂલ ધારાસભ્યો અને ડાબેરીઓને ભાજપમાં ઢસડી લાવી મમતાને એમની ટર્મ પૂરી થાય એ પહેલાં જ નામોશીભરી વિદાય આપી દેવા કૃતસંકલ્પ છે. નિર્ણય દિલ્હીના સાઉથ બ્લોકમાં લેવાઈ ચૂક્યો છે. સામાન્ય રીતે પક્ષપલટું નેતાઓ પ્રત્યે પ્રજામાં સન્માન નથી રહેતું. પરંતુ મોદીની કરિશ્માઈ અસરમાં ઊંઝામાં ભાજપના અઠંગ નેતા નારાયણ લલ્લુને હરાવીને કોંગ્રેસની ટિકિટ પર જીતેલાં આશાબહેન પક્ષ પલટો કરી પેટા ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર ફરીવાર ચૂંટાઈ શકે છે. પ્રજાને માત્ર નરેન્દ્ર મોદી દેખાય છે - એ જ એક તારણહાર છે, એટલે જ કોઈ એમનું સમર્થન કરે છે તેના હજાર ગુના માફ છે!

**સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૫ મુજબ સુપ્રિમ કોર્ટનો મહત્વનો ચુકાદો**

# પ્રોપર્ટી ઉપરનો કબજો કોર્ટમાં ગયા સિવાય ખાલી કરાવી શકાય : સુપ્રિમ કોર્ટ



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

કોઈપણ વ્યક્તિની પોતાની માલીકીની પ્રોપર્ટી ઉપર ત્રાહિત વ્યક્તિએ ગેરકાયદેસર રીતે કબજો કર્યો હોય તો તે સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૫ મુજબ માલીકને સુવિધા પુરી પાડવામાં આવી છે. પ્રોપર્ટીના વિવાદમાં સૌ પ્રથમ વેચી શકે નહિ કે ગેસરકાયદેસર રીતે તેમાં બાંધકામ કરી શકે નહિ પરંતુ ત્રાહિત વ્યક્તિએ મીલ્કતનો ગેરકાયદેસરનો કબજો મેળવ્યો હોય તો તેમાં માલીકે કોર્ટમાં જવાની જરૂર નથી બળપૂર્વક પોતાની માલીકીની મીલ્કતનો કબજો મેળવી શકે છે તેવું તાજેતરમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે.

પુનારામ વિરૂધ્ધ મોતીરામના કેસમાં નિર્ણય આપતા ઉપલી કોર્ટે કહ્યું કે કોઈ વ્યક્તિ બીજાની સંપ્તી ઉપર ગેરકાયદેસર રીતે કબજો નથી લઈ શકતો જો કોઈ વ્યક્તિ બીજાની પ્રોપર્ટીમાં ગેરકાયદેસર રીતે કબજો લે છે તો પીડીત પક્ષ બળજબરી પૂર્વક પોતે જ કબજો ખાલી કરાવી શકે છે પરંતુ તે માટે પ્રોપર્ટીના ટાઈટલ હોવા જોઈએ તથા માલીકમાં જે તે વ્યક્તિનું નામ હોવું જોઈએ જો તમારી પાસે પ્રોપર્ટીનું ટાઈલ છે તો તમો ૧૨ વર્ષ સુધી આવી મીલ્કતનો કબજો પરત મેળવી શકો છો તેના માટે કોર્ટમાં કેસ દાખલ કરવાની જરૂર નથી પરંતુ આવો કબજો ત્રાહિત વ્યક્તિની પાસે પ્રોપર્ટી માલીકની પણ સમંતીથી હોય તો ૧૨ વર્ષ બાદ કબજો પરત મેળવવા માટે સ્પેસીફીક રીલીફ એકટ મુજબ કબજો પરત મેળવવા માટે કોર્ટમાં દાદ મેળવવી પડશે જેના માટે ૧૯૬૩ માં સ્પેસીફીક રીલીફ એકટનો કાયદો બનાવી જોગવાઈ કરવામાં આવી છે.

પ્રોપર્ટી ઉપર ગેરકાયદેસર રીતે કબજો ખાલી કરાવવા માટે સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૫ મુજબ જોગવાઈ કરવામાં આવી છે. આમ, તો પ્રોપર્ટી વિવાદમાં સૌ પ્રથમ સ્ટે કોર્ટમાંથી મેળવી લેવો જોઈએ જેથી કબજા ધારક તેની ઉપર બાંધકામ ના કરી શકે અથવા તો ત્રાહિત વ્યક્તિને વેચી હક્ક હસ્તાંતર કરી ના શકે.

સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૫ મુજબ જો કોઈ પ્રોપર્ટી તમારા નામે છે એટલે કે પ્રોપર્ટીનું ટાઈટલ તમારી પાસે છે અને કોઈએ એવી પ્રોપર્ટી ઉપર ગયેરકાયદેસર રીતે કબજો કર્યો છે તો તેણે ખાલી કરાવવા માટે સીવીલ પ્રોસીજર કોડ મુજબ કોર્ટમાં દાવો દાખલ કરી સ્ટે મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

પુનારામે ૧૯૬૬ માં એક જમીનદાર પાસેથી જમીન ખરીદી હતી જે એક સ્થળે ના હતી પરંતુ જુદા જુદા સ્થળે આવેલ હતી જયારે જમીનના માલીકી હક્કની વાત સામે આવી તો તેણે જણાવ્યું કે કબજો ત્રાહિત વ્યક્તિ મોતીરામ પાસે છે મોતીરામ પાસે જમીનના કોઈ જ માલીકીના પુરાવા કે દસ્તાવેજ ન હતા. ત્યારબાદ પુનારામે મોતીરામ પાસેથી જમીનનો કબજો મેળવવા માટે કોર્ટમાં કેસ દાખલ કર્યો. કોર્ટે પુનારામ તરફેણમાં ચુકાદો આપેલ અને મોતીરામને જમીનનો કબજો ખાલી કરવા માટે હુકમ કરતા મોતીરામે હાઈકોર્ટમાં અપીલ કરતા હાઈકોર્ટે નીચલી કોર્ટનો હુકમ ફેરવી દેતા પુનારામની તરફેણમાં ચુકાદો આપતા જણાવ્યું કે પુનારામ મોતીરામ પાસેનો જમીનનો કબજો બળજબરી પૂર્વક ખાલી કરાવી શકે છે.

સદર કેસમાં મોતીરામે કોર્ટને જણાવ્યું કે તે ૧૨ વર્ષ ઉપરાંતથી કબજો ધારણ કરે છે. લીમીટેશન એકટની કલમ ૬૪ મુજબ જો કોઈ વ્યક્તિ સળંગ ૧૨ વર્ષથી વધુ સમયથી કબજો ધારણ કરતો હોય તો ખાલી નથી કરાવી શકતા પરંતુ સુપ્રિમ કોર્ટે મોતીરામની દલીલ રદ કરતા જણાવ્યું કે આ કાયદો એ બાબતમાં લાગુ પડે કે જે જમીનના કોઈ માલીક ના હોય સદર કેસમાં પુનારામ જમીનના કાયદેસરના માલીક છે તેની પાસે જમીનનું ટાઈટલ છે દસ્તાવેજ છે. તેથી તે ૧૨ વર્ષ પછી પણ કબજો બળજબરી પૂર્વક લઈ શકે છે. જેમાં લીમીટેશન એકટની કલમ ૬૪ ની જોગવાઈઓનો કોઈ જ બાધ નડે નહિ પરંતુ સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૫ મુજબ જમીન માલીક ત્રાહિત વ્યક્તિ પાસેથી કબજો લઈ શકે છે જેના માટે તેને કોર્ટમાં જવાની જરૂર નથી.

ઉપરોકત ચુકાદાથી જે જમીન માલીક છે પરંતુ જેની પાસે કબજો નથી તેમને મોટી રાહત થશે. વર્ષો સુધી કોર્ટમાં કબજા માટે દાવા ચાલતા હોય છે અને ત્રાહિત વ્યક્તિ જેની પાસે માલીક તરીકે જ ઉપરયોગ કરતા હોય છે તેમની વિરૂધ્ધમાં આ ચુકાદો આપતા જમીન માલીકો તથા દસ્તાવેજ હોલ્ડરને મોટી રાહત થશે તેઓ બળજબરી પૂર્વક ત્રાહિત વ્યક્તિ પાસેથી પોતાની મીલ્કતનો કબજો મેળવી શકશે.

# ...ઉપરછલ્લું જોયું તેં, નહિંતર સ્વર્ગ હાથવેંતમાં હતું



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

આપણાં સંધાનને તુજથી સમજી તો શકાતું હતું,
ઉપરછલ્લું જોયું તેં, નહિંતર સ્વર્ગ હાથવેંતમાં હતું.
- સ્માર્ત

આજના આ આધુનિક ફાસ્ટ યુગમાં બધું જ ઉપરછલ્લું હોય છે. લોકોની માનસિકતા પણ સાવ છીછરી થતી જાય છે. કોઈ પણ બાબતના ઉંડાણમાં પહોંચીને તેને પૂરેપૂરી સમજવાનો જાણે કોઈ પાસે સમય જ નથી! સુખ, દુઃખ, આનંદ, ઉન્માદ આ બધું જ ક્ષણિક બનતું જાય છે. જિંદગીમાં બધું જ સુખ હોવા છતાં સ્થિરતા ન હોવાને કારણે સંતોષ નથી મળતો અને માટે આજીવન આપણે સૌ એક અજંપામાં જીવી રહ્યા હોઈએ તેમ લાગે છે! સદ્‌ગુરુ લખે છે :

"To pluge into the core of life is the only sacredness thare is. To live superficially is the only sin"

એટલે કે જીવનના ઊંડાણને સમજવાનો અને સ્પર્શવાનો પ્રયાસ કરવામાં આવે તો તે જ સાચી પવિત્રતા છે બાકી સાવ ઉપરછલ્લું અને નિરર્થક જીવવું એ એક જાતનું પાપ જ છે. શિક્ષણ એ આજના સમયનો એક સૌથી વધુ કમાતો વ્યાપાર બની રહ્યો છે. 'Super 30' ફિલ્મ જે વ્યક્તિ પર બનાવવામાં આવી છે તેવા અનંત કુમાર જેવા જ એક અન્ય 'ઋષિ અધ્યાપક' વિષે કમલા પરીખે એક સુંદર લેખ લખ્યો છે ! આ લેખ એક આવા જ ઉમદા અધ્યાપક વિષે લખાયો છે જેણે શિક્ષણના ઉંડાણને માત્ર દર્શાવ્યું જ નથી, જીવી જાણ્યું છે અને તેમના વિદ્યાર્થીઓમાં પણ તેની એક આગવી અસર ઊંડી છાપ છોડી છે! :

કોને માટે ઉપર્યુક્ત શબ્દો યોજાયા હશે ? પેલા પૌરાણિક ગુરુઓ માટે તો નહીં હોય ? હા, એવા ગુરુઓ વશિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકી, સાંદીપની વિષે વાંચ્યું છે. પણ મારા વંદનીય ગુરુ પ્રોફેશર દાવરની યાદ આવતાં જ કરુણભર્યા નયનોથી વ્હાલ વરસાવતો એક સૌમ્ય ચહેરો નજર સમક્ષ ઊભરી આવે છે.

તેમનો જન્મ અહમદનગરમાં ૧૯૮૨માં થયેલો. તેમના પિતા કાવસજી ત્યારે બાંધકામ ખાતામાં હિસાબનીશ તરીકે કામ કરતા. ૧૮૯૬માં દાવર કુટુંબે અમદાવાદમાં સ્થાયી વસવાટ કર્યો. ફિરોઝ દાવરે સમગ્ર શિક્ષણ અમદાવાદમાં લીધું. ૧૯૦૮માં ગુજરાત કૉલેજમાં દાખલ થયા, અને ૧૯૧૨માં અંગ્રેજી તથા ફારસી સાથે બી.એ. ની ઉપાધિ મેળવી, ૧૯૧૩માં એમ.એ. માં ઉત્તીર્ણ થયા, ૧૯૧૬માં એલએલ. બી. થયા. ૧૯૧૬માં અમદાવાદમાં 'નેટિવ ઈન્સ્ટિટયુટ'માં હેડ માસ્ટર પદે રહ્યા. ત્યારબાદ ૧૯૧૮ થી ૧૯૨૦ સુધી બે વર્ષ પૂનાની ડેક્કન કૉલેજમાં અંગ્રેજીના સહાયક અધ્યાપક રહ્યા. પણ પછી અમદાવાદની ગુજરાત કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે તેઓ જોડાયા. ૧૯૪૭ સુધી પોતાની માતૃકૉલેજમાં સેવા આપી. તેમને નિવૃત્ત થવાના પાંચ મહિના બાકી હતા ત્યારે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ દાવર સાહેબને લા.દ. આર્ટસ કૉલેજમાં અંગ્રેજી વિભાગના વડા તરીકે જોડાવાનું નિમંત્રણ પાઠવ્યું. ૧૯૬૬માં તેઓ ત્યાંથી નિવૃત્ત થયાં. ગુજરાત યુનિવર્સિટીના, અંગ્રેજી વિભાગમાં તેમને માનદ્ સેવાઓ આપેલી ત્યારે શ્રી નરિમાન કામાએ તેમને ટકોરેલા કે ગાડીભાડા જેટલા પણ પૈસા મળતા નથી, તો શાને દોડવું? તેમને કહેલું કે ગુજરાત યુનિવર્સિટીની આખી લાઈબ્રેરી મફત વાંચવા મળે છે કે કેટલા મોટા લાભની વાત છે ?

તેમનું કુટુંબ પાંચ બહેનો ને બે ભાઈનું બનેલું હતું. તેમનાં માતા લેખિકા હતાં. દાવર સાહેબના જીવનઘડતરમાં તેમનાં માતાનું મહાન પ્રદાન હતું. સાહિત્ય તત્ત્વજ્ઞાન, ધર્મ અને જુદી જુદી ભાષાઓનો અભ્યાસ આ ચારેય તેમણે વારસારૂપે માતા પાસેથી પ્રાપ્ત કરેલ.

નોકરી દરમિયાન તેઓ રાષ્ટ્રીય રંગે રંગાયેલા. ગાંધીજીની સભાઓમાં તથા સાબરમતી આશ્રમની સવારની પ્રાર્થનામાં તેઓ હાજરી આપતા. તે સમયના પ્રિન્સિફાલ શિરાઝે આ બાબતનો વાંધો ઉઠાવ્યો ત્યારે દાવર સાહેબે જવાબ આપેલો કે તેઓ વર્ગમાં નિયમિત જાય છે, ભણાવે છે, અને ત્યાં કોઈ પ્રચાર કરતાં નથી, પણ કૉલેજની બહાર તેઓ સંપૂર્ણ સ્વતંત્ર છે. તેમના રાષ્ટ્રવાદી વલણથી નારાજ થયેલા સત્તાવાળાઓએ ગુજરાત કૉલેજમાં કેટલાંયે વર્ષો સુધી તેમને પ્રોફેસરના પદથી વંચિત રાખેલા. આઝાદીની લડતના પ્રસંગે તેમની પાસે રાજીનામાની માંગણી થયેલી, પણ તેમનો નમ્ર ઉત્તર હતો કે તેમના કૌટુંબિક સંજોગો તેમને તેમ કરવા દે તેમ નથી. પણ ગુજરાત કૉલેજની વિખ્યાત હડતાલ વખતે દાદર પર આડા સૂઈ રહેલા વિદ્યાર્થીઓએ જયારે દાવર સાહેબને તેમના શરીર પર પગ મૂકીને વર્ગમાં જવા કહ્યું, ત્યારે તેમને કહ્યું કે વિદ્યાર્થીઓના શરીર પર પગ મૂકવા કરતાં પોતે રાજીનામું આપવાનું વધારે પસંદ કરશે.

તેમનો જીવનક્રમ પણ જાણવા જેવો છે. સમગ્ર કુટુંબ રાત્રે સાડા આઠ વાગ્યે જમતી વખતે વિચારોની આપલે કરે. રાત્રે દસે લાઈટ બંધ કરીને સહુને સૂઈ જવાનું. તેઓ પોતે સવારે સાડા ત્રણ વાગ્યે ઊઠે. સ્નાન બાદ તેમનાં પાઠપૂજા શરૂ થાય. તેઓ ગાયત્રીમંત્ર, 'અવસ્તા' તથા 'બાઈબલ' ના કંઠસ્થ કરેલા ફકરાઓ બોલે.

મૃત્યુને તેઓ મંગલકારી માનતા હતા. મૃત્યુ પામ્યા તેના ત્રણ દિવસ પહેલાં તેમને પુત્રીએ કહેલું કે મૃત્યુને બિહામણું માનવું નહીં, ઋણાનુબંધ પૂરો થાય એટલે હસતા મોઢે જવાનું. શરીરને પરાણે ખેંચવાનો કોઈ જ અર્થ નહીં. તેમના છેલ્લા શબ્દો હતા 'મૃત્યુ મંગલકારી છે.' ૧૯૪૧માં મુંબઈમાં તેમને ટાઈફોઈડનો ત્રીજો હુમલો થયેલો ત્યારે ડૉક્ટરે આશા છોડી દીધેલી. તે રાત્રે તેમને મૃત્યુનો જે અહેસાસ થયેલો તેની ફલશ્રુતિ સ્વરુપે 'મોત પર મનન' નામના તેમના ગ્રંથનું સર્જન થયું.

વિદ્યાવ્યાસંગી દાવરસાહેબને સાંભળવા એ એક લ્હાવો હતો. લાંબો કોટ, ટૂંકી મોળીનું પાટલૂન, પગમાં બૂટ અને પારસીશાયી ટોપી સાથે વર્ગમાં જયારે તેઓ પ્રવેશ કરે ત્યારે આંખો તેમના પર સ્થિર થઈ જાય અને ચરણોમાં વંદન કરવાનું મન થઈ જાય. તેમના પ્રવેશ સાથે સમગ્ર વર્ગમાં જાણે શિસ્ત સદેહે ઊતરી હોય તેવું લાગે. જયારે વાણીપ્રવાહ વહેતો થાય ત્યારે તો એ જ્ઞાનની ગંગામાં તરબોળ થઈ જવાય. પ્રભાવશાળી વ્યક્તિત્વ, મેઘ જેવો અવાજ, ચહેરા પર છવાયેલી વિનમ્રતા, વાણીમાંથી પ્રગટતું જ્ઞાન અને પેલાં કરુણાસભર નેત્રો ગજબનો પ્રભાવ પાડી જતાં. વર્ગમાં શીખવતી વખતે વિષયમાં પોતે ઓતપ્રોત થઈ જતા અને સાથે સાથે વિદ્યાર્થીઓને જાણે સમાધિ લાગી જતી. ગમે તેટલું અઘરું પુસ્તક તેમના દ્વારા સરળ બની જતું. કવિ નાનાલાલ કહેતા, 'ભાષણ સાંભળવું હોય તો જાઓ પ્રોફેશર દાવર પાસે, વિદ્વત્તાની ઝડીઓ વરસાવે છે.' કવિ એમ પણ કહેતા, 'અમદાવાદ આવો ત્યારે બીજું ઘણું જોજો, પરંતુ ખાનપુર રોડ પર પ્રોફેશર દાવર નામે એક ઋષિ વસે છે, તેમનાં દર્શન કરવાનું ચૂકશો નહીં.' 'હરિસંહિતા' જેમ જેમ લખાતી તેમ તેમ કવિ દાવર સાહેબ પાસે આવીને સંભળાવતા.

એક વખત મારા વર્ગમાં ભણાવતાં ભણાવતાં તેઓ બેભાન થઈ ગયેલા અને થોડા સમય પછી જયારે ભાનમાં આવ્યા ત્યારે વર્ગ લેવા માટે તૈયાર થઈ ગયા. અમે સહુએ તેમને ઘેર જઈ આરામ કરવા માટે વિનંતી કરી, પણ તેઓ શાના માને? છેવટે અમારે જીદ કરવી પડી. વર્ગબહિષ્કારનો લાડભર્યો સત્યાગ્રહ કરવા તૈયાર થયેલા અમને જોઈને તેઓ આખરે માન્યા અને ઘેર જવા સમંત થયા. નિયમિતતાના તેઓ ચુસ્ત આગ્રહી. ઘંટ વાગે કે તરત જ ઊભા થાય અને વર્ગ પ્રતિ પ્રણાય કરે. ઠંડી, વરસાદ, તાપ ગમે તે હોય પણ તેઓ સમયસર હાજર જ હોય. ભણવું અને ભણાવવું એ એમનું કર્તવ્ય. ત્યારે ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓમાં એવી વાયકા હતી કે ગુજરાત કૉલેજની સીડનહૅમ લાઈબ્રેરીમાં વિજ્ઞાન અને ગણિતનાં પુસ્તકો બાદ કરતાં બાકીનાં તમામ પુસ્તકો દાવર સાહેબે વાંચેલા. તેમને Walking library નું બિરુદ મળેલું. માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયમાં મોટા ભાગનાં ગ્રંથો તેમને વાંચ્યા હતા. દાવર સાહેબ એટલે પુસ્તક અને પુસ્તક એટલે દાવર સાહેબ. એમનું જીવન પુસ્તકોમાં સમાયેલું હતું. જ્ઞાનથી ભરપૂર તેઓએ કયારેય જ્ઞાનનો ગર્વ કર્યો નથી. ફળથી લચેલાં વૃક્ષો જેવી નમ્રતા તેમનાં તેમનામાં હંમેશાં દૃષ્ટિગોચર થતી.


કૉલેજમાંથી નિવૃત્તિ બાદ તેમણે કહેલું, 'વિદ્યાર્થીઓ સાથેનો મારો સંપર્ક તૂટ્યો ત્યારથી મારું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું છે.' વિદ્યાર્થીઓ તેમનો પ્રાણવાયુ હતા અને પુસ્તકો તેમના પ્રાણ હતા. આ બંને તેમની પાસેથી છિનવાઈ ગયા. સરસ્વતીના આ મહાન ઉપાસકનાં નેત્રોનું નૂર નિવૃત્તિ બાદ હણાયું. આંખોની તકલીફ થતાં તેમની પાસે રણછોડ સોલંકી નામનો એક યુવાન રોજ વાંચવા આવતો. વળી તેમની પાસે પચાસ વર્ષ પૂર્વે ભણી ગયેલા રામભાઈ અમીન રોજ આવતા અને તેમની પાસે શ્રી અરવિંદનાં પુસ્તકોની વ્યવસ્થા બાબતમાં તેઓ ખૂબ ચીવટ રાખતા. એક વાર તેમનાં પુત્રી આરમઈતીને કોઈ કવિ વિશે માહિતી જોઈતી હશે તો તેમને પૂર્ણ ચોકસાઈથી માહિતી આપેલી : કયું કબાટ, કયું ખાનું, કેટલા નંબરની ચોપટી અને કેટલા નંબરનું પાનું!

પચાસ પચાસ વર્ષો સુધી તેમને અધ્યાપન કર્યું અને ત્રણ ત્રણ પેઢીના તેઓ ગુરુ બન્યા. વિલાયત નહોતા ગયા છતાં પણ વિલાયત જઈ આવેલાઓ કરતાં પણ તેઓ આંગ્લ સાહિત્યના વધુ જ્ઞાતા હતા.

મૃત્યુની આગાહી તેમને થઈ ગઈ હતી. મૃત્યુના થોડા દિવસો અગાઉ તેમણે તેમનાં પત્નીને કહેલું કે હવે તેઓ બહુ દિવસ ટકશે નહિં. તેમનાં પુત્રીને પણ તેમણે કહેલું કે એ તેમનો છેલ્લો શિયાળો છે પુત્રી સાથે મૃત્યુની વાતો કરી. તેમની સારવાર કરતા ડૉકટરને આભારનો પત્ર પુત્રી પાસે લખાવ્યો. પરદેશમાં ભારતની ટીમ ક્રિકેટ રમતી હતી તેનો સ્કોર પૂછ્યો. સરસ્વતીના આ પૂજકે ૮૫ વર્ષની ઉંમરે પૃથ્વી પરથી પ્રણાય કર્યું. આ પ્રખર વિદ્વાનમાં જે નમ્રતા, સાદાઈ અને નિરાભિમાન હતાં તે નરસૈયાના સાચા વૈષ્ણવજનની ઝાંખી કરાવતા હતા. તેઓ આધુનિક યુગના એક ઋષિ અધ્યાપક બન્યા.

nehalgadhavi101@gmail.com

# ગુજરાતમાં ક્રાંતિ : જીપીએસસીની ટોચની ભરતીમાં અનામતવાળા અગ્રક્રમે



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

આઝાદીનાં ૭૦ વર્ષ વીત્યા પછી પણ હજુ અનામતના ધોરણે દલિતો અને આદિવાસીઓ તેમજ અન્ય પછાત વર્ગના લોકોને સરકારી નોકરીઓ અને શિક્ષણમાં પ્રવેશની વિશેષ સવલત મળે એ સામે નાકનું ટેરવું ચડાવનારો ઘણો મોટો વર્ગ છે. જોકે અનામત શ્રેણીમાં આવતા પરિવારોનાં સંતાનોને ભણવાની અને સરકારી નોકરી માટે તૈયારીની સારી સુવિધા મળે તો એ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અવ્વલ ક્રમે આવે છે. આજે પોતાને ઉજળિયાત ગણાવતો વર્ગ અનામતનો લાભ લેવા માટે આંદોલનનો માર્ગ અપનાવીને

- **અનામતનો લાભ લઈને બેપાંદડે થયેલા સિવાયના ઘણા મોટા વર્ગને અનામતનો લાભ મળ્યો નથી**
- **હજુ દલિતો, આદિવાસીઓ કે અન્ય પછાત વર્ગના લોકોને મળવું જોઈતું પ્રતિનિધિત્વ પણ મળ્યું નથી**
- **રાજ્યમાં ૩ લાખ ઉમેદવારોમાંથી પસંદ કરાયેલા ૨૯૩ અધિકારીઓમાં પ્રથમ ક્રમે ઓબીસીનો અંકિત**
- **દલિતો-આદિવાસીઓને ૪૫ ટકાએ પ્રવેશ ને પટેલો-વાણિયા-બ્રાહ્મણોને ૯૦ ટકાએ નહીં એ નર્યું જુઠ્ઠાણું**

આર્થિક ધોરણે અનામત મેળવીને ય કૉલર ટાઈટ રાખે છે. ગુજરાત સરકારને કોણ જાણે કોણે સલાહ આપી કે 'સવર્ણ' શબ્દ વાપરવા પર પ્રતિબંધ મૂકીને સમાજમાં સમાનતા આવી જશે અને વિખવાદ નહીં થાય. એણે સરકારી પરિપત્ર કરી નાખ્યો. થોડા વખત પહેલાં કેન્દ્ર સરકારે 'દલિત' શબ્દ વાપરવા પર બંધી ફરમાવતો ફતવો બહાર પાડીને દલિત સાહિત્યને બુઠ્ઠું કરવાની કવાયત કરી,પણ એનાથી સમાનતા કેટલી આવી એ અભ્યાસો હજુ થયા નથી. દેશના સાચા અર્થમાં માલિક એવા આદિવાસીઓને એમની આદિવાસી તરીકેની ઓળખ પસંદ છે ત્યારે એમને વનવાસીના વાઘા ચડાવી દેવાથી તેમનું કેટલું કલ્યાણ થઈ ગયું એ સમજાતું નથી.

અનામતમાંના પછાતો તો પાછળ

આ લખનાર કાયમ સામાન્ય શ્રેણીમાં જ રહ્યો છે અને અનામતનો કોઈ લાભ લીધો ના હોવા છતાં એટલું જરૂર માને છે કે દલિત, આદિવાસી અને અન્ય પછાતોમાં આવતી કોમોના જે લોકો અનામતનો લાભ લઈને બેપાંદડે થયા છે એ સિવાયનો ઘણો મોટો વર્ગ છે જેને અનામતનો લાભ મળ્યો નથી. એટલે એ વંચિતોને અનામતનો લાભ મળવો જ જોઈએ. સાથે જ ઉજળિયાત ગણાતા સમાજના આર્થિક રીતે નબળા વર્ગને પણ બંધારણીય રીતે અનામતનો લાભ મળવો ઘટે. ખાટલે મોટી ખોડ એ છે કે ૧૯૯૩માં મંડળ પંચના ઈન્દિરા સાહની ચુકાદામાં ઓબીસી માટે ક્રીમીલેયરનો ખ્યાલ દાખલ કરાયો ત્યારે એ વર્ષે એક લાખ રૂપિયાની આવકથી વધુ હોય તેવા પરિવારોને અનામતનો લાભ ના અપાય એવું સ્પષ્ટ કરતો હતો. અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) માટે આવા કોઈ ક્રીમીલેયરની જોગવાઈ નથી. જોકે એ અલગ મુદ્દો છે, પરંતુ આજે ઓબીસી માટે ક્રીમીલેયરની આવક મર્યાદા વર્ષે ૮ લાખ રૂપિયાની રાખી છે. આવા સંજોગોમાં અન્ય પછાતોના નેતાઓને અમારો કાયમ પ્રશ્ન એ રહ્યો છે કે મહિને ૬૬,૦૦૦ રૂપિયા કમાનારના પરિવારને અનામતનો લાભ મળતો હોય તો ગધેડા પર માલ લાદીને કે મજૂરી કરીને માંડ પેટિયું રળનાર પરિવારનાં સંતાનોને શિક્ષણ કે સરકારી નોકરીમાં તક ક્યારે મળશે? આ સવાલ અણગમતો ભલે હોય દેશની પ્રજાની કરુણાનું દર્શન જરૂર કરાવે છે. ક્યારેક અનામતનો લાભ મેળવવા માટે સામાન્ય શ્રેણીના અમુક લોકોએ ખોટી ઍફિડેવિટ કર્યાનું કે અનામત પરિવારોને પોતાનાં સંતાન દત્તક આપ્યાના દાખલા પણ ચર્ચામાં આવ્યા છે. ગુજરાતમાં તો આવા એક કિસ્સામાં અધિકારીઓની બંધુત્રિપુટીની તપાસનો આદેશ આપનાર પ્રધાનનું પ્રધાનપદું ગયું હતું,પણ પેલા બંધુઓને ઊની આંચ આવી નહોતી.

મલ્લની સામે સૂકલકડીનો માહોલ

મલ્લને સૂકલકડી સામે મલ્લયુદ્ધ માટે ઉતારવામાં આવે ત્યારે શું અવસ્થા થાય એ વાતને ધ્યાને લઈને જ બંધારણસભામાં સમાનતા અને બંધુતાની વિશદ છણાવટ કરાઈ હતી. બંધારણના ઘડવૈયાઓમાં વડાપ્રધાન પંડિત નેહરુ અને નાયબ વડાપ્રધાન સરદાર પટેલથી લઈને ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી જેવા મહાનુભાવોએ બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ અને દેશના પ્રથમ કાયદા પ્રધાન બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની વાત માનીને માત્ર રાજકીય આઝાદી જ નહીં,પણ સામાજિક ન્યાય અને સમાનતા મળે એ હેતુસર અનામતની બંધારણીય જોગવાઈ કબૂલી હતી. સરકારી નોકરીઓ અને શિક્ષણમાં આજે પણ યોગ્ય પ્રમાણમાં આવા દલિતો, આદિવાસીઓ કે અન્ય પછાત વર્ગના લોકોને મળવું જોઈતું પ્રતિનિધિત્વ મળ્યું નથી એટલે અનામત અનિવાર્ય બની રહી છે.સાથે જ અનામતનો લાભ લઈને મોટા લાટ સાહેબ થઈ જનારા પરિવારોમાં એ ખૂબ સીમિત રહે છે. એની સમીક્ષાની વાત પણ જો કોઈ પક્ષ કે ભાજપ જેવા પક્ષની માતૃસંસ્થા કરે તો તે બિહારમાં વિધાનસભાની ચૂંટણી હારી જવા જેવું બને છે. ગુજરાતમાં એક પરિવારમાં કેન્દ્રીય મંત્રીનું પદ, ધારાસભ્યોની મક્તેદારી અને આઈએએસ સહિતના ટોચના હોદ્દા હોવાનું સર્વવિદિત છે. મહારાષ્ટ્રમાં અનામત શ્રેણીના એક જમીનદાર અને મોટા રાજકીય વગદાર પરિવારમાં વિધાનપરિષદના ચેરમેનપદથી લઈને રાજ્યપાલના પદ જેવા રાજકીય હોદ્દાઓ જ નહીં; મુખ્યસચિવપદથી લઈને આઈએએસ અને આઈપીએસ સુધીના હોદ્દા પણ કેન્દ્રિત થયાનું જોવા મળ્યું છે. આવા સંજોગોમાં સમાજ જાગે એ જરૂરી છે. અનામત શ્રેણીના અન્ય લોકોને પણ એ લાભ ક્યારે મળશે, એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે.

અનામત શ્રેણીના સ્પર્ધકોને ન્યાય

મુંબઈ રાજ્યમાંથી ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત છૂટું પડતાં એના ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)ના સંસ્થાપક અધ્યક્ષ રાઘવજી લેઉઆ દલિત સમાજમાંથી આવતા હોવા છતાં છેક ૧૯૮૯માં પણ દલિત સમાજના તેજસ્વી યુવાન સંજય પરમાર-અમરાણી ગુજરાત ઍડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (ગૅસ કેડર)માં પસંદગી પામેલા તમામ ઉમેદવારોમાં પહેલા ક્રમે આવ્યો ત્યારે એને અનુસૂચિત જાતિ (એસસી) માટે આરક્ષિત ક્વોટામાં જ ગણવાનો તથાકથિત સવર્ણ ઉમેદવારોનો દુરાગ્રહ હતો. અમરાણીને સામાન્ય શ્રેણીમાં ગણવા સામે કથિત ઉજળિયાતો અદાલતે ગયા પણ હાથ હેઠા પડ્યા હતા. ગૅસ કેડરમાં સેવારત થયા પછી ભારતીય પ્રશાસકીય સેવા (આઈએએસ)માં પસંદગી પામ્યા પછીય વર્ષો સુધી સરકારી સેવામાં કાર્યરત રહીને આજે તો અમરાણી નિવૃત્ત પણ થઈ ગયા છે. વર્ષ ૧૯૮૯માં જ જીપીએસસીની પરીક્ષામાં શિરમોર સર્જક હરીશ મંગલમ્ અને બીજા

અનુસંધાન પાના નં ૭ પર